# ગઝલ

–પારુલ ખખ્ખર

**.1.**

ભીતરે રમખાણ જેવું છે કશું,
યુદ્ધનાં એંધાણ જેવું છે કશું.

ખોખલાં છે આમ તો આ પુતળાં,
આમ તો પાષાણ જેવું છે કશું.

કાં હજુ ચચરાટ આ મટતો નથી !
પીઠ પાછળ બાણ જેવું છે કશું ?

ચોકડી મુક્યા પછી તો હોય શું?
તે છતાં ખેંચાણ જેવું છે કશું.

ના ચણો ઉંચા મીનારા ત્યાં હવે,
એ સ્થળે પોલાણ જેવું છે કશું.

સૌ તને હારી ગયા છે જંગમાં,
છે તને, કંઈ જાણ જેવું છે કશું ?

લઈ શકું બદલો છતાં લેવો નથી,
મીત્રતાની આણ જેવું છે કશું.

**.2.**

જીત્યો પ્રથમ સ્વભાવ પછી કામ થઈ ગયું,
છોડ્યાં બધા લગાવ પછી કામ થઈ ગયું.

બહુ બોલકા થયા તો સમાચાર થઈ ગયા,
છુપાવ્યા હાવભાવ પછી કામ થઈ ગયું.

લઈ શ્રાપ ગત જનમનાં ફરી અવતરી તરસ,
ખોદાવી એક વાવ પછી કામ થઈ ગયું.

ઉભા રહી જતે તો વીસામા ઘણા હતા,
ઠેકી ગયા પડાવ પછી કામ થઈ ગયું.

આ તખ્ત જીતવામાં હણાયું નથી કશું,
માર્યા સતત અભાવ પછી કામ થઈ ગયું.

ત્યાં દેર પણ નથી અને અંધેર પણ નથી,
પહોંચાડી ફક્ત રાવ પછી કામ થઈ ગયું.

જ્યાં નમ્રતા ચલણમાં નથી એ જગા ઉપર,
છાંટ્યો જરી પ્રભાવ પછી કામ થઈ ગયું.

**.3.**

છે શર્ત એટલી બસ થાકી શકો નહીં,
પણ અર્થ એ નથી કે હાંફી શકો નહીં.

આ લાગણીનું વસ્તર લ્યો જર્જરીત થયું,
બે-ચાર થીગડાં દઈ સાંધી શકો નહીં.

લઈને અડગ ઈરાદા આગળ જનારની,
પાછળ પડી શકો; પણ આંબી શકો નહીં.

ધારી શકો તો બેશક ધાર્યું કરી શકો,
તેથી જનાબ, કંઈ પણ ધારી શકો નહીં.

જો કાંચળી ગણો તો ફેંકી શકાય છે,
પણ ચામડી ગણો તો ત્યાગી શકો નહીં.

ચાલ્યા જવું સરળ છે; પણ ધ્યાનમાં રહે,
પાછા વળી શકો છો, આવી શકો નહીં.

**.4.**

કેટલું ભોંમાં ભરી બેઠાં છીએ,
ને તમે માન્યું ઠરી બેઠાં છીએ !

એકપણ છેડો મળે ના ગુંચનો,
એટલું અઘરું કરી બેઠાં છીએ.

જીન્દગીભર જે કમાયા એ બધું,
એક ક્ષણમાં વાપરી બેઠાં છીએ.

છે હરણ જેવી તરસની તીવ્રતા,
ને ચરણમાં રણ ભરી બેઠાં છીએ.

સાબદાં રહેજો હવે કંઈ પણ થશે,
સત્ય જેવું આચરી બેઠાં છીએ.

કાશ કે ચકડોળ આ અટકે હવે,
સેંકડો ફેરા ફરી બેઠાં છીએ.

લ્યો હવે 'પારુલ' ફરી જીવ્યા કરો,
જીવ થઈને અવતરી બેઠાં છીએ.

**.5.**

અવાજ થાય નહીં સાવ આમ ભીતરથી,
થઈ રહી છે કશી ધુમધામ ભીતરથી.

શું કામ રોજ પડે આખડે છે આ રસ્તે !
મળી જશે જ તને નામ-ઠામ ભીતરથી.

સજાગ હોય છતાં આખરે તો માણસ છે,
મળે છે ખાનગીમાં ક્રોધ-કામ ભીતરથી.

ત્વચા ઉપર જે હતો ડાઘ; સહેજ ઢાંક્યો છે,
પરંતુ તોય કળે છે રોજ ડામ ભીતરથી.

નહીં કળાય કદી બહાર કોઈને 'પારુલ'
શ્વસી રહ્યું છે હૃદય એક નામ ભીતરથી.

**.6.**

ધારણાની પાર છું તું ધારવાનું બંધ કર,
કોઈ પણ રીતે મને આકારવાનું બંધ કર.

હું જ શીલ્પી, હું જ પથ્થર, ટાંકણું હું થઈ ગઈ,
મહેરબાની કર હવે, કંડારવાનું બંધ કર.

શબ્દના તોખારને સરહદ નડે ના ચોકઠું,
તું સુંવાળા ઘાસ પર હંકારવાનું બંધ કર.

તાવણીમાં જાત મુકી છે, ભલે તપ્યા કરે,
ફુંક મારી આગને તું ઠારવાનું બંધ કર.

આંગળાની છાપ જેવાં કાવ્ય મારાં છે અસલ,
તું બીલોરી કાચ લઈ પડકારવાનું બંધ કર

**.7.**

ફરી હાંસીયામાં ધકેલાઈ જાશું,
અગર હાથ છુટ્યો, વીખેરાઈ જાશું.

મળી ભેજવાળી હવા જેવી કીસ્મત,
હથેળીમાં ચુપચાપ ઘેરાઈ જાશું.

નથી કાંઈ અઘરા, નથી ગુંચ જેવા,
જો હળવેથી છેડો, ઉકેલાઈ જાશું.

બધા દાખલાનો મળી જાય તાળો,
કરી બાદબાકી ઉમેરાઈ જાશું.

પછી લાખ મથવાથી જડશું નહીં કૈં,
પ્રથમ આડે હાથે જો મેલાઈ જાશું.

અમે માનતાઓનાં શ્રીફળ સરીખાં,
તમે જ્યાં કહો ત્યાં વધેરાઈ જાશું.

## .8.

અમે હેત–હેલી, અમે સાવ આળા,
મળ્યા તે છતાં બારમાસી ઉનાળા.

પ્રથમ દીલ ગજા બા’રનું ખેલી નાંખે,
પછી શાખ વેચી ને કાઢે દીવાળા.

હતી તો ડગર જાણે ફુલોની જાજમ,
મેં માંગીને લીધા છે કાતીલ શીયાળા.

જરા ઢીલ આપે, ચગાવે, કપાવે,
સમય, ખેલ તારા બધાથી નીરાળા.

લગાવી મલમ ‘હાશ’ બોલીને બેઠાં,
ખુલ્યા ત્યાં તો ધસમસ પીડાઓનાં તાળાં.

પ્રગટ થઈ જશે તો તો શું શું ન થાશે !
ગનીમત કે મનનાં છે છુપાં છીનાળાં.

હવે જાતરાને વીસામો મળે બસ,
નથી ભેદવા લાખ જન્મોનાં જાળાં.

## .9.

નવેસરથી બધું આલેખવા તૈયાર છું હું,
ગમાડી ના શકો તે છેકવા તૈયાર છું હું.

ખજુરી જેટલાં છાંયાની આપો ખાતરી તો,
ફરીથી એ જ રણને વેઠવા તૈયાર છું હું.

ભલે આંબા નહીં; બે ચાર તરણાં તો ઉગેને ?
લઈ જોખમ, ખરાબો ખેડવા તૈયાર છું હું.

અગર એ પ્રેમ હો, કે જંગ હો, લજ્જત મળે તો,
નીયમ નેવે મુકીને ખેલવા તૈયાર છું હું.

સભામાં આપના સીક્કા પડે એ પુરતું છે,
અહમ્ છોડી ખુણામાં બેસવા તૈયાર છું હું.

ઉછાળીને, ઉખેળીને, વીખેરીને ગયા છો,
પથારા એ બધા સંકેલવા તૈયાર છું હું .

નમો જો આંગળી, તો વેંત નમવાની પ્રથા છે,
મીલાવો હાથ તો, તો ભેટવા તૈયાર છું હું.

## .10.

ચુપચાપ આંખોમાં તરસ લઈને સતત વાંછ્યા ન કર,
છું મેઘ સાંગોપાંગ, જા.. પલળી, ફકત તાક્યા ન કર.

પાછોતરો વરસાદ હું; ને તેં ચરણમાં રણ ભર્યાં,
ધસમસ વહી જા દ્વાર, ભોગળ, સાંકળો વાસ્યા ન કર.

અણઘડ નદી છું; તોય કાંઠે કાંપની લ્હાણી કરું,
ફણગી જશે, તું થોર કે એવું કશું વાવ્યા ન કર.

સ્થળ-કાળને પણ અવગણી આવી શકું તારા સુધી,
કાં આપ સરનામું, અને કાં તો ઈજન આપ્યા ન કર.

એંધાણ તો દે ! કઈ ગલીમાં કાફલો અટકી ગયો,
બે-ચાર ડગ છેટું રહ્યું ત્યારે હવે થાક્યા ન કર.

મનફાવતા અર્થો સુધી લઈ જઈ શકે એ શબ્દ હું,
મારા ફલકને સાવ તારા ગજ વડે માપ્યા ન કર.

તું પત્ર કોરો દઈ હજી ઠાલાં કબુતર મોકલે,
સંકેત દઈને આમ તું મોઘમ મને ચાહ્યા ન કર.

## .11.

ઈચ્છાઓનાં રણમાં ખુલ્લા પગ લઈને દોડ્યા કરવાને જીવવું કહે છે?
કે મધમીઠ્ઠાં સપનાંઓની ગોળીને ચુસ્યા કરવાને જીવવું કહે છે?

મોઢે તાળાં મારીને આ દ્યુતસભાનાં ચીરહરણ જોયા કરવાનાં !
જાણી જોઈ આંખે પાટા બાંધીને દેખ્યા કરવાને જીવવું કહે છે?

જડબાં દુઃખે, સ્વાદ વછુટે તોયે ના આ ચીંગમ જેવા દીવસો ખુટે,
રબ્બર જેવી રાતોને ખેંચી ખેંચી છોડ્યા કરવાને જીવવું કહે છે?

એક ડણકમાં પથ્થર પથ્થર, પાને પાને રાજા થઈ પડઘાઈ તો જો !
નીરુદ્દેશે, ઘેટાં ચાલે, ટોળું થઈ ચાલ્યા કરવાને જીવવું કહે છે?

શીશ ઉઠાવી, છાતી કાઢી, યમની સામે ઉભા રહેવું એ જીવતર છે,
માંગણ થઈને શ્વાસે શ્વાસે રોજ હવા માંગ્યા કરવાને જીવવું કહે છે?

પારુલ ખખ્ખર

કવીસંપર્ક: 'તીર્થ' ૧૫૩– ગુરુકૃપા નગર, ચીતલ રોડ, અમરેલી, મોબાઈલ–94298 89366
ઈ–મેઈલ: parul.khakhar@gmail.com
કવીસર્જન: 'લઈને અગીયારમી દીશામાં' અગીયાર કવીઓનો સંયુક્ત ગઝલસંગ્રહ

@ @ @ @ @

'સન્ડે ઈ.મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ ગૌરાંગ ઠાકર (gaurang_charu@yahoo.com )નો ખુબ ખુબ આભાર.. ..ઉત્તમ ગજ્જર..

@ @ @

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ : અગીયારમું – અંક : 325 – June 28, 2015
'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન : શ્રી. સુનીલ શાહ sunilshah101@gmail.com

@ @ @ @ @

More than 3,15,10,000 Gujarati Language lovers have visited http://www.gujaratilexicon.com

More than 46,20,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 7,65,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 1,68,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@ @ @ @ @ @ @ @ @